بسم اللهالرّحمٰن الرّحيم

# Central Moon Sighting Committee of Great Britain

**Jamiatul Ulama Britain, Darul Uloom Bury, Hizbul Ulama UK**

---

## સવાલ :

(૧)

મોહતરમ મુફતી સાહેબ (હફીઝહુલ્લાહ) અસ્સલામુ અલયકુમ વ. વ.

● બ્રિટન યુ.કે.માં રમઝાન ૧૪૩૧ના મૌકા ઉપર ૨૯મી શાબાન (૧૦ ઓગષ્ટ ૨૦૧૦) મંગળવારની સાંજે બર્મિંગહામ શહેર ખાતે ત્રણ ભાઈઓએ રમઝાનનો ચાંદ જોયો, જેમની ગવાહીઓ ચાંદ કમિટીના પાંચ સભ્યોના ડેલીગેશને એઓને રૂબરૂ મળીને લીધી. જેમાં એક આલીમે દીન છે, એક હાફિઝે કુર્આન અને ત્રીજા ભાઈ વર્ષોથી તબ્લીગી જમાઅતના દાઈ છે. તેઓની ગવાહીઓ હસ્તાક્ષર સાથે લેવામાં આવી. મજકુર ત્રણેવ ગવાહો સમજદાર, જિમ્મેદાર અને પાબંદે શરીઅત, સાહિબે તરતીબ છે તથા આ પહેલાં તેઓને ચાંદ જોયાના અનુભવો પણ છે, જેની વિગત ગવાહી પેમ્ફલેટ માં(જે અમારી વેબ સાઈટમાં પણ છે)આ સવાલ સાથે રવાના છે.

● યાદ રહે કે ચાંદ કમિટીના પાછલા ૨૫ વર્ષોની ૨૯ તારીખ પ્રમાણેની ચાલી આવતી તારીખો પ્રમાણે બ્રિટનમાં (કે જે એક નાનો દેશ છે) વીસ મૌકા ઉપર ૨૯મીની સાંજે ચાંદ જોવાયાની નોંધ થઈ છે, જેમાં દારૂલ ઉલૂમ બરીના ૮ તથા દારુલ ઉલૂમ લેસ્ટરના ત્રણ આલીમ તુલબઓનો પણ સમાવેશ થાય છે. આ બધો રેકોર્ડ અમારી વેબસાઈટ ઉપર મૌજૂદ છે.

● મજકુર ચાંદની ગવાહીઓને અમુક લોકોએ(**ખગોળશાસ્ત્રીયહિસાબો**ને ઈસ્લામી **કસોટી** માંની તેનાઆધારે)નકારી કાઢી કે એ સાંજે ઑબ્ઝરવેટરીના હિસાબ પ્રમાણે ચાંદ બિલકુલ જોઈ શકાય તેમ ના હતો તેમજ ચાંદ કમિટીએ ગવાહીઓ એક અઠવાડિયા બાદ લીધી છે !

● યાદ રહે કે ચાંદ કમિટીએ ગવાહીઓ લીધા પછી **હદીષ**,**ફુક્હા** અને આપ મુફતી હઝરાતના ફતવાઓના આધારે **"ખગોળીય હિસાબોને ચાંદ થવા, નહીં થવા બાબત શરીઅતમાં કોઈ લેવા–દેવા નથી"** કહી જણાવ્યું હતું કે, રસૂલુલ્લાહ સ.અ.વ.એ પોતે એનો રદિયો આપ્યો છે ,(જેમકે આ હિસાબો ઈસ્લામ પહેલાં ૪૩૧ BC માં થઈ ગયેલ મૈતૂન ફિલસૂફના ખગોળીય હિસાબોને **આધારીત** છે, જેને ૩૫૮ ઈ.સ.માં યહૂદી રબાઈ "હાલીલ બીજા"એ હઝરત મૂસા અલૈ.ની શરીઅતમાં ફેરબદલ કરી ઘુસાડી આપ્યા હતા અને ) **જેને રસૂલ સ.અ.વએ આવીને હદીષે ઉમ્મીથી ઈસ્લામ વિરોધી જાહેર કર્યા હતા.**

● ચાંદ કમિટીએ આ સાથેજ પોતાના એ'લાનમાં જણાવ્યું હતુંકે"જેમનો એક રોઝો આ ગવાહીઓ પ્રમાણે છૂટી ગયો છે, તેઓએ એની કઝા કરવી જરૂરી છે અને કઝા નહીં કરે તો સખત ગુનેહગાર થશે".

● **પરંતુ જે લોકો ખગોળશાસ્ત્રમાં માને છે તેઓ ચાંદ થવા, નહીં થવા માટે એના હિસાબોને કસોટી ગણે છે અને કુર્આન શરીફની આયત** الشـمـس والـقـمـر بحسبان **ને પણ દલીલમાં રજુ કરે છે.** અને રસૂલ (સ.અ.વ.)ના ફરમાન વિરુદ્ધ ખગોળશાસ્ત્રીય હિસાબોને કુર્આન હદીષ વિરુદ્ધ દલીલરૂપ વાપરી ચાંદ થયાને ઈન્કાર કરી રોઝાની કઝા કરવાનું ના કહે છે ! આવી હાલતમાં સામાન્ય લોકોમાં જેઓ રોઝો કઝા કરવા માંગે છે, તેઓ કહે છે કે અમો રોઝો કઝા નહીં કરીએ તો તેનો ગુનોહ"જે લોકો કઝા કરવાની ના પાડેછે તેઓને થશે"!

● **<u>મજકુર વિગત પ્રમાણે નીચેના સવાલોનો જવાબ દરકાર છે,</u>**

સવાલ (૧) : શું બર્મિંગહામની મજકુર ગવાહીઓને ન્યુ મૂન થિયરીના **ખગોળશાસ્ત્રીય** હિસાબોના આધારે રદ કરવું જાઈઝ છે ?

સવાલ (૨) : જે લોકોનો રોઝો મજકુર શહાદત પ્રમાણે છૂટી ગયો છે, તેની કઝા તેઓ એવું સમજીને ના કરે કે "એનો ગુનોહ તે લોકોને થશે જેઓ કઝાનું ના કહે છે", તો શું અવો ઉજર કરવું શરીઅત પ્રમાણે જાઈઝ છે ? કે પછી એમના ઉપર રોઝાની કઝા કરવી જરૂરી છે ?

જવાબ આપી સવાબ હાસિલ ફરમાવશો. જઝાકુમુલ્લાહ !

ફક્ત વસ્સલામ, મૌલ્વી યાકૂબ અહમદ મિફતાહી

(સેક્રેટરી : હિઝબુલ ઉલમા યુ.કે. અને મરકઝી ચાંદ કમિટી બ્રિટન)

તા. ૦૧ મુહર્રમ ૧૪૩૨ (૭ ડિસેમ્બર ૨૦૧૦) મંગળવાર.